નવસારી કૃષિ યુનિવર્સિટીનું સને ૨૦૨૧-૨૨ વર્ષનું
ICAR દ્વારા ACCREDITATION બાબત

# :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ, સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે માન. રાજ્ય સરકારશ્રી દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ તારીખ ૦૭/૦૬/૨૦૨૧થી સરકારી/અર્ધ સરકારી કચેરી, બોર્ડ/કોર્પોરેશન ૧૦૦ % કર્મચારીઓની હાજરી સાથે રાબેતા મુજબ કાર્યરત કરવાનું સુનિશ્ચિત કરવા નક્કી કરેલ છે. જેને ધ્યાનમાં લઇ તમામ કચેરીના વડાશ્રીઓએ તેમની કચેરીની કામગીરીનો ઝડપથી નિકાલ થાય તે જોવાનું રહેશે.

વધુમાં ટૂંક સમયમાં નવસારી કૃષિ યુનિવર્સિટીનું સને ૨૦૨૧-૨૨ વર્ષના સમયગાળા દરમ્યાન ICAR દ્વારા આગામી ટર્મ માટે ACCREDITATION થનાર છે જેથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ/અધિકારીશ્રીઓએ સમયપાલન, કર્તવ્યનિષ્ઠા તથા હકારાત્મક અભિગમ રાખી કચેરી/યુનિટ ના વડા/યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફથી સોંપવામાં આવતી તમામ ફરજો, એકમેકનો સાથ અને સહકાર રાખીને સમયસર પૂર્ણ કરવાની રહેશે અને તે જોવાની જવાબદારી તમામ યુનિટ, સબ-યુનિટ અધિકારીશ્રીઓની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં. નકૃયુ/પીએસ ટુ આર/ ૨૬૪૪-૯૩ /૨૦૨૧
નવસારી, તારીખ ૦૯/૦૬/૨૦૨૧

(સહી)
કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના:**

૧. તમામ યુનિવર્સિટી ઓફિસરશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
૨. તમામ કોલેજ/પોલીટિકનીકના ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
૩. તમામ યુનિટ, સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
૪. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારું